








# રઈસથી હસીના:
# નેગેટિવ પાત્રોનાં બાયોપિક

**શાહરુખખાન અત્યારે ખૂબ જ ચર્ચામાં રહ્યો, તેની રઈસ ફિલ્મ માટે. રઈસ તેની સફળ ફિલ્મ રહી. પરંતુ તે તો અમદાવાદના ડોન લતીફના જીવન પર આધારિત છે અને તેને હીરો ચીતરી નાંખવામાં આવ્યો છે. હવે શ્રદ્ધાકપૂરની હસીના : ધ ક્વીન ઓફ મુંબઈ ફિલ્મ આવી રહી છે, જે દાઉદની બહેન હસીના ઈબ્રાહીમ પાર્કરની બાયોપિક છે.**

**મૈત્રી પટેલ.** aarpar@gmail.com

શાહરુખખાન અત્યારે ખૂબ જ ચર્ચામાં રહ્યો, તેની રઈસ ફિલ્મ માટે. રઈસ તેની સફળ ફિલ્મ રહી. પરંતુ તે તો અમદાવાદના ડોન લતીફના જીવન પર આધારિત છે અને તેને હીરો ચીતરી નાંખવામાં આવ્યો છે. હવે શ્રદ્ધાકપૂરની હસીના : ધ ક્વીન ઓફ મુંબઈ ફિલ્મ આવી રહી છે, જે દાઉદની બહેન હસીના ઈબ્રાહીમ પાર્કરની બાયોપિક છે. આપણે સમાજના વિલનોની બાયોપિક રજૂ કરી કઇ દિશામાં ખેડાણ કરી રહ્યા છીએ ? બાયોપિકમાં કલ્પનાના રંગ ભરી જે તે પાત્રમાં કહેવાતી સારપને ઉજાગર કરીને પૈસા કમાવી લેવાની ફિલ્મકારોની લાલચ સમાજના વિલનોને રોબિનહૂડ જેવી ઊંચાઇ અપાવનારી બની રહેશે તેની ચિંતા છે કોઇને ?

હાલમાં શાહરુખખાન તેની રઈસ ફિલ્મને કારણે ખાસ્સો ચર્ચામાં રહ્યો છે. રઈસ ફિલ્મના કેન્દ્રમાં અમદાવાદનો ડોન લતીફ છે. લતીફના પુત્રે તો એ બાયોપિક પુરવાર કરવાનો પડકાર પણ ફેંક્યો છે. ખેર, એ વિવાદ પાછો અલગ છે. અહીં તો શાહરુખખાનની રઈસની જ વાત કરીએ. લતીફ ભલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પણ જીતી ગયો હતો, તેનો અર્થ એ તો હરગિજ કરી શકાય નહીં કે તે તેના સદ્‌ગુણોને કારણે ચૂંટાઇ આવ્યો હતો. ફક્ત લતીફ જ કેમ આપણે ત્યાં બાહુબલી નેતાઓનું રાજ છે. બિહાર તથા ઉત્તરપ્રદેશ સહિત દેશના મોટા ભાગના રાજ્યોમાં કેટલાય બાહુબલીઓ રાજકારણમાં સ્થાયી થઇ ગયા છે, તેનો અર્થ એવો ન કાઢી શકાય કે તેઓ પ્રજાના હીરો છે. પ્રજા તો કોણ માથાકૂટ કરે એવા અભિગમથી કે ભાઈલોગના ત્રાસ કે ધમકીથી ડરી જઇને પણ મત આપી આવતી હોય છે. એ સંજોગોમાં ભાઈલોગ જનપ્રતિનિધિ બની જતા હોય છે. રાજકીય પક્ષો પણ વિનિંગ કેન્ડિડેટને જ પસંદ કરતા હોય છે, તેમાં કેટલાય બદમાસો આપણા માથે બિરાજી જતા હોય છે. લતીફ તો ડોન હતો અને તે ખાસ તો દારૂનો વ્યાપક ધંધો કરતો હતો. તેના એ ધંધાના વ્યાપક નેટવર્ક પાછળ હપ્તાખોર પોલીસની ભૂમિકા પણ રહી છે. ઉપરાંત દાઉદ ઇબ્રાહીમ માટે આરડીએક્સ ગુજરાતના દરિયા કિનારે ઉતારવામાં લતીફે જ મદદ કરી હોવાનો આક્ષેપ છે. મતલબ કે દેશ વિરોધી ગુનામાં પણ તે સંડોવાયેલો હોવાનો આક્ષેપ તેના માથા પર છે. આ પ્રકારનું પાત્ર કાંઇ સમાજના પરિવર્તકોમાં ગણી શકાય નહીં. છતાં રઈસ ફિલ્મમાં તેનું પાત્ર શાહરુખ ભજવે છે અને જાણે તે ખરો નાયક હોય એની રીતે રજૂ થયું છે. આ રીતે સમાજમાં જે બદનામ હોય તેનું નામ કરવાની નવી રસમ શું વખાણવા જેવી ખરી ?

રઈસ રજૂ થઇ તે સાથે જ સોશ્યલ મિડિયા પર અવળો પ્રચાર જરૂર થયો. અસલી લતીફ સ્ટોરીમાં તે મુંબઈના કરીમલાલા અને તેના ભત્રીજા સમદખાન અને આલમઝેબના હાથ નીચે અમદાવાદમાં કામ

કરતો હતો. એ સમયે એંસીના દાયકામાં ગુજરાતમાં કોમી રમખાણો અવારનવાર થતા હતા. ૧૯૮૫માં એવું જ એક રમખાણ થયું હતું, ત્યારે લતીફ એન્ડ કંપનીએ ભંડેરી પોળને ઘેરી લઇને સળગાવી મૂકવાની તૈયારી કરી હતી. જોકે એ વખતે કાલુપુર પોલીસ મથકના મહેન્દ્રસિંહ ટેમુભા રાણા સર્વિસ રિવોલ્વર લઇને ભંડેરી પોળમાં ધસી ગયા, પરંતુ લતીફ ગેંગના આધુનિક શસ્ત્રો સામે મહેન્દ્ર સિંહ ઝાઝું ટકી શકયા નહીં અને ઠાર મરાયા.જોકે મહેન્દ્રસિંહના મૃત્યુને કારણે ગુંડાઓ પોળને સળગાવી શક્યા નહોતા. તેમના બારમાના દિવસે તેમના ઘરે પત્નીએ દીકરી અલ્પાબાને જન્મ આપ્યો હતો. ખરી વાત તો હવે જાણવા જેવી છે. તેના બારમાના દિવસે ભંડેરી પોળના તમામ વડીલો અને આગેવાનો હાજર રહ્યા હતા અને સગો બાપ મરી ગયો હોય એમ ટકો મૂંડો પણ કરાવ્યો હતો.માનવતાની વાત તો હવે આવે છે. મહેન્દ્રસિંહે આપેલા બલિદાનને ભંડેરી પોળના લોક ક્યારેય ભૂલ્યા નહીં અને જ્યારે મહેન્દ્ર સિંહનાં મોટા દીકરી વંદનાબાના લગ્નમાં વગર આમંત્રણે આવી પહોંચીને એ જમાનામાં ૨૫ હજારનું મામેરું કર્યું હતું. વક્રતા તો જુઓ લતીફ ઉપર ફિલ્મ બની ગઇ, પણ મહેન્દ્ર સિંહ જેવા બહાદુરો પર ફિલ્મ બનતી નથી.

જોકે રઇસ કાંઇ પહેલી ફિલ્મ નથી, જ્યારે સમાજના વિલનોને બહાદુર તરીકે કે માનવતાના પૂજારી તરીકે રજૂ કરવામાં આવ્યા હોય. આ પહેલાં દીવાર નામની ફિલ્મ બની હતી. એ ફિલ્મ હાજી મસ્તાનના જીવન ઉપરથી બની હતી. હાજી મસ્તાન એક સમયનો મોટો દાણચોર હતો. સ્મગલિંગ કરીને દેશના અર્થતંત્રને પાયમાલ કરતો હતો. જોકે દીવાર જોઇએ ત્યારે આપણે અમિતાભ ઉપર અવશ્ય આફરીન થઇ જવાય.પરંતુ એ ભલે અભિનયની વાત હોય, પણ વાસ્તવમાં હાજી મસ્તાન ઉપર આફરીન થઇ જવા કરતાં દેશને નુકસાન કરનારા તરીકે તેની સામે રોષ જાગવો જોઇએ, પણ એમ થતું નથી. એ કમાલ ફિલ્મની છે. ફિલ્મ બનાવનારા પૂરેપૂરા પ્રોફેશનલ હોય છે, તેથી બોક્સ ઓફિસને ધ્યાનમાં લઇને ફિલ્મો બનાવતા હોય છે. હા, બે નંબરના ધંધામાં રચ્યાપચ્યા રહેનારા કે ગુંડાઓ પોતાના બે નંબરના ધંધા કે હત્યા જેવા પાપોથી જાણે મુક્તિ મેળવવા ઇચ્છતા હોય એમ ગરીબોમાં મસીહા બનવાનો અવશ્ય પ્રયાસ કરતા જોવા મળે છે. તેઓ ગરીબોને મદદ કરતા હોય છે, તેમનો અંતરાત્મા ડંખતો હશે, તેથી જ એમ કરવા પ્રેરાતા હશે. કદાચ, એ પાસું તેમના વ્યક્તિત્વનો એક ભાગ હોય છે ખરું પણ તેમનું અસલી રૂપ તો ગુંડા તરીકેનું જ હોય છે. તેઓ જેમની કત્લેઆમ કરતા હોય કે કોઇને લૂંટતા હોય ,મારતા હોય કે દમદાટી દેતા હોય, તે કાંઇ તેમનો ન્યાય કરવાની નેમ હોતી નથી. મહદંશે તેઓ નિર્દોષ અને ગભરાઇ જતા લોકોને દબડાવીને પોતાનાં ગજવાં ભરતા હોય છે. મુંબઈમાં તો ખંડણી પણ વ્યાપારીઓ પાસે ધમકી આપીને જ ઉઘરાવી લેવાતી હોય છે, એ કાંઇ તેમનો ન્યાય કહેવાય ? હાજી મસ્તાનની દાણચોરી પણ દેશ માટે તો નુકસાન કરનારી જ હતી, છતાં આજે પણ ડાવર સા'બ મૈં આજ બી ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા એવો ડાયલોગ સાંભળતા જ તાળી પાડી ઉઠીએ છીએ. એ તો કમાલ પાત્રને દબાયેલું કચડાયેલું દેખાડવાની હોય છે. તેથી જ પ્રેક્ષકોને તેના પ્રતિ સહાનુભૂતિ ઉપજે અને બોક્સ ઓફિસ પર ટંકશાળ પડે. દીવાર પણ એવી જ ફિલ્મ પુરવાર થઇ હતી. એન્ગ્રી યંગમેન તરીકે અમિતાભ નામ કમાઇ ગયો હતો અને હાજી મસ્તાન વિજયના નામથી સહાનુભૂતિ મેળવી ગયો હતો. ખરેખર તો એ ફિલ્મ પછી જ એન્ટી હીરો જેવું એક સર્વનામ વપરાતું થયું, જે ફિલ્મમાં નેગેટિવ રોલ ભજવતા ટોચના સ્ટારો માટે વપરાતું. નહીંતર એ તો ખરી વિલનગીરી જ ન કહેવાય ?




**તેમને થયેલા અન્યાયને કારણે તેઓ અવળા માર્ગે આગળ વધ્યા હોવાનો અહેસાસ આપણને થતો હોય છે. જો દરેક વ્યક્તિ અન્યાય કે ગરીબીનો મુકાબલો કરવા માટે ગુંડાગર્દીના રવાડે ચઢી જાય તો આ દુનિયા જીવવા જેવી રહે ખરી? એ વિચારીને સમાજના વિલનોને કેન્દ્રમાં રાખીને ફિલ્મ બનાવવી જોઇએ.**

રઇસ ફિલ્મ બાદ હવે હસીના : ક્વીન ઓફ મુંબઈ ફિલ્મ આવી રહી છે. આ ફિલ્મ આ વર્ષના જુલાઇ મહિનામાં રજૂ થાય એમ છે. હસીના : ક્વીન ઓફ મુંબઈ, એ કોઇ મુંબઈની રાણીની વાત તો નથી જ. એ તો દાઉદ ઇબ્રાહીમની બહેન હસીના પાર્કરના જીવન ઉપર બનેલી ફિલ્મ છે. દાઉદ ઇબ્રાહીમ એટલે મુંબઇમાં ૧૯૯૩માં થયેલા બોમ્બ બ્લાસ્ટનો મુખ્ય કાવતરાંખોર. એ બોમ્બ વિસ્ફોટ માટેનો આરડીએક્સ તેણે જ બીજા સાથીઓની મદદથી ઉતાર્યો હતો. જે મુંબઈને હિંસાની હોળીમાં હોમી ગયો હતો. એ દાઉદ ત્યાર પછી તો દેશ છોડીને ભાગ્યો છતાં વર્ષો સુધી મુંબઈના ડોન તરીકે રાજ કરતો રહ્યો હતો. તેના સાથીઓ મુંબઈમાં ખંડણી ઉઘરાવવા જેવા અનેક ગુના કરતા રહ્યા હતા. ૧૯૯૧માં હસીનાના પતિ ઇબ્રાહીમ પાર્કરની હત્યા થઇ ગઇ હતી. મુંબઇ પોલીસે એક વખત હસીના સામે ખંડણી ઉઘરાવવાનો કેસ દાખલ કર્યો હતો. એ વખતે હસીનાએ અદાલતમાં કહ્યું હતું કે તેણે ઇબ્રાહીમની હત્યા બાદ દાઉદ સાથે કોઇ વાત કરી ન હતી. જોકે એ વાત સાચી ન હતી. દાઉદે જે.જે. હોસ્પિટલમાં ગવળીના શૂટર્સ પર હુમલો કરીને બદલો લીધો હતો અને ત્યારથી જ હસીનાનું કદ મોટું થયું હતું. દાઉદ પાકિસ્તાન ભાગી ગયો, એ પછી ડોનની મિલ્કત અને બીજા કામકાજ હસીના જ સંભાળતી હતી. હસીના બિલ્ડરો પાસેથી કમિશન ઉઘરાવતી હતી. હવે હસીનાનું પાત્ર શ્રદ્ધાકપૂર નિભાવી રહી છે, તો તેનો ભાઇ સિદ્ધાર્થકપૂર દાઉદ ઇબ્રાહિમનું પાત્ર ભજવી રહ્યો છે. અને અંકુર ભાટિયા હસીનાના પતિનું પાત્ર ભજવી રહ્યો છે. આ ફિલ્મનું ટાઇટલ જ ઘણું કહી જાય છે. હસીના : ક્વીન ઓફ મુંબઈ. ટાઇટલ પરથી એવું લાગે છે કે રઇસની જેમ હસીના પણ ફિલ્મમાં લોકોની પ્રશંસા અને તાળીઓ પડાવી જાય તો નવાઇ નહીં. વાસ્તવમાં હસીના પ્રશંસાને લાયક હતી ખરી?

એ જ રીતે વીરપ્પન ઉપર પણ ફિલ્મ બની છે. વીરપ્પન ચંદનચોર હતો અને તે કેટલાય પોલીસની હત્યાનો આરોપી હતો. આદિવાસીઓને મદદ કરીને તે પોતાની સલામતી જાળવી રાખતો હતો, એ સિવાય તે કાંઇ મસીહા હતો, એમ કહી શકાય નહીં. પરંતુ ફિલ્મમાં તેની હિંસાને બદલે તેની ગરીબોને મદદ કરવાની રીતને જ વધુ બળવત્તર રીતે રજૂ કરીને પ્રેક્ષકોની વાહ વાહની સાથે સાથે પૈસા પણ મેળવી લેવાશે.

નેગેટિવ પાત્રોને માનવતાની પાઘડી પહેરાવીને ફિલ્મ બનાવનારાઓ પોતાનું પેટિયું રળી લેતા હોય છે, પરંતુ એ વિલનો પ્રતિ સહાનુભૂતિ મેળવી આપવામાં પણ તેઓ એક હાથો બની જતા હોય છે. ગરીબોને મદદ કરતા હોય એવા કિસ્સા ઓછા હોય છતાં એવા દશ્યો જોયા પછી તેના ભણી સહાનુભૂતિ જાગતી હોય છે અને જાણે સમાજના એ વિલનો પ્રતિ આપણને લાગણી થતી હોય છે. તેમને થયેલા અન્યાયને કારણે તેઓ અવળા માર્ગે આગળ વધ્યા હોવાનો અહેસાસ આપણને થતો હોય છે. પરંતુ એમ જો દરેક વ્યક્તિ અન્યાય અને ગરીબીનો મુકાબલો કરવા માટે ગુંડાગર્દીના રવાડે ચઢી જાય તો આ દુનિયા જીવવા જેવી રહે ખરી? એ વિચારીને જ સમાજના વિલનોને કેન્દ્રમાં રાખીને ફિલ્મ બનાવવી જોઇએ.